## હું રક્તદાન કરવા ચાહું છું પરંતુ .....

# આપના ભયના ઉત્તરો.....

**જો હું રક્તદાન ન કરુ તો શો ફેર પડશે ?**

આપણે ત્યાં રક્ત અને તેનાં ઘટકોની ઘણી ઊંચી માંગ છે અને તે દિવસે - દિવસે વધી રહી છે. અંદાજે દર ૮ દરદીઓમાંથી માત્ર ૧ ને જ રક્તની સારવાર મળે છે. આમ રક્તનું દરેક ટીપું અતિ મહત્ત્વનું છે. રક્તદાન પણ એટલું જ મહત્વનું છે. એટલું ભૂલતા નહિ કે રક્તદાન એ માનવતા નું કેટલું મોટું કામ છે. તમે જ્યારે રક્તદાન કરો છો, ત્યારે કોઈને ખરેખર જીવન-દાન આપો છો.

**રક્તદાન કરવા કોઈએ મને પ્રોત્સાહિત ન કર્યો.**

તમે કરેલ રક્તદાન લગભગ ૪ લોકોની કિંમતી જિંદગી બચાવશે. શું આનાથી મોટું બીજું કોઈ પ્રોત્સાહન હોઈ શકે ? અને તે કેટલું સરળ છે. ફક્ત થોડી મિનિટોનું જ કામ. આ માટે સ્વસ્થ શરીર અને સોના જેવા પવિત્ર હૃદયની જરૂર છે. શું આ તમારામાં છે ? આગળ ધપી, પ્રોત્સાહન પામો. કોઈ, ક્યાંક, પોતાની જિંદગી બચાવવા તમારી રાહ જોતું હશે.

**મને 'એઈડ્સ' અથવા અન્ય બીમારીઓ લાગુ પડશે.**

એ ભય નિર્મૂળ છે. કોઈપણ પ્રકારે એ સંભવિત નથી. અમે જે સોંય અને બલ્ડબેગ વાપરીશું તે એક વખત વાપર્યા પછી, તેનો નાશ કરવામાં આવશે. આમ રક્ત-દાન કરવાથી તમને કોઈ પ્રકારનો ચેપી રોગ કે અન્ય કોઈ રોગ લાગુ પડશે નહિ.

**હું ઘણો વ્યસ્ત છું, મારી પાસે સમય નથી.**

આ રક્તદાન તમે વ્યસ્તતા દરમ્યાન કરી શકો છો અથવા રક્ત-દાનનાં જાહેર કાર્યક્રમમાં પણ ભાગ લઈ શકો છો. તમારું રક્ત-દાન માત્ર ૪૫ મિનિટોમાં પૂરું થઈ જશે. તમે આવશો ત્યારે તમારા સ્વાસ્થ્ય અંગે થોડા પ્રશ્નો પૂછીશું. આ પ્રશ્નોનો જવાબ તમારી અને દર્દી ખાતર સત્ય અને પ્રામાણિકપણે આપશો. આંગળીમાંથી એક ટીપું લઈ ખાત્રી કરીશું કે તમે ઍનેમિક નથી. બધું યોગ્ય ઠરશે, તો ફક્ત ૧૦ મિનિટમાં તમારું રક્તદાન પૂરું થશે. થોડો આરામ, નાસ્તો કર્યા પછી આરામથી તમે ઘરે જઈ શકશો. નાસ્તો અને પીણાં રક્તદાન કેન્દ્ર સ્થળે તમને આપવામાં આવશે.

**રક્તદાન માટે મારી ઉંમર યોગ્ય નથી.**

૧૮ થી ૬૦ વર્ષની કોઈપણ સ્વસ્થ વ્યક્તિ સલામત રીતે રક્તદાન કરી શકે છે. તમારું વજન ૫૦ કિ.ગ્રા. થી વધારે હોવું જોઈએ. જો તમે આ વર્ગમાં આવતા હો, તો તમે કોઈનું જીવન બચાવનાર ભાગ્યશાળી વ્યક્તિ બની શકો છો. આજે જ આગળ આવો અને બીજાની જિંદગી બચાવો !

**હું પોતે તંદુરસ્ત નથી.**

ખાતરી માટે તમે તમારા સ્વાસ્થ્યની ચકાસણી શા માટે ન કરો ? અમારી પાસે કાર્યદક્ષ મેડીકલ ટીમ છે કે જે ખાતરી કરશે કે રક્તદાન કરવાથી તમારી તંદુરસ્તી પર કોઈ અસર તો થતી નથી. તમારો ગુપ્ત તંદુરસ્તી નો રીપૉર્ટ અમને એ ખાતરી કરવામાં મદદ કરશે કે તમે રક્ત આપવા યોગ્ય છો કે નહિ અને તમારું રક્ત દર્દી માટે સુરક્ષિત છે. તેમ છતાં જો તમારી તંદુરસ્તીના કારણોસર રક્તદાન કરી શકતા ન હો તો પણ તમે તમારા કુંટુંબ, મિત્રોને રક્તદાન કરવા અને કેટલાક જીવન બચાવવા સમજાવી શકો છો.

**રક્ત-દાન મને ઍનેમિક બનાવશે.**

સાવ ખોટું છે. શરીર, રક્તદાન કર્યા પછી, તરતજ રક્ત બનાવવા કાર્યવંત થશે અને તમે આપેલ જથ્થો ૨૪ કલાકમાં તૈયાર થઈ જશે. તમે 'રક્ત-દાતા' ઍનેમિક ન બનો, એ પર પૂરતું ધ્યાન અપાય છે. દરેક રક્તદાન વચ્ચે ત્રણ થી ચાર માસનો ગાળો રાખવામાં આવે છે. આમ રક્ત તૈયાર થવા પૂરતો સમય રહે છે.

**મેં આ જ વર્ષે રક્તદાન કર્યુ છે.**

અમે "પ્રથમા" તરફથી તમને તે બદલ અભિનંદન પાઠવીએ છીએ. વર્ષમાં ત્રણ થી ચાર વખત રક્તદાન કરી એક નિયમિત રક્તદાતા બની શકો છો. એવી ઘણી વ્યક્તિઓ છે કે જેમણે જીવન દરમ્યાન ૧૦૦ થી વધુ વાર રક્ત-દાન કર્યુ છે. તમે પણ તે કાર્ય કરી શકો છો. આપણા સમાજને તમારા જેવા દાતાઓની ઘણી જરૂર છે.

**મને સોયનો ભય છે.**

અમે એ સમજી શકીએ છીએ. આ કુદરતી પ્રતિભાવ છે. જ્યાં સુધી તમે પ્રથમવાર રક્તદાન ન કરો. તમારી સવલત ખાતર, જો જરૂર જણાશે, તો અમે તમને લોકલ એનેસ્થેશિયા આપીશું. દરેક પ્રકારે તમે જોઈ શકશો આ કાર્ય કેટલું દર્દવિહીન, સાદુ અને મહેનત રહીત છે અને સાથે એટલું જ મહત્ત્વનું છે - **તે જીવન બચાવે છે.**

**"પ્રથમા" મને શું ખાતરી આપશે ?**

"પ્રથમા" પાસે જુદા જુદા રક્તદાતાઓ માટે જુદી જુદી રક્તવીમા પૉલિસી છે કે જે દ્વારા તેમની જરૂરિયાતો પણ પૂર્ણ કરી શકાય. વર્ષમાં ઓછામાં ઓછું ૨ વાર રક્તદાન કરી નિયમિત રક્તદાતા બનો.

**તમે, મારું આ લોહી પૈસા રળવા ખાતર વેચશો.**

'પ્રથમા' એક સામાજીક સંસ્થા છે, 'નફો નહિ કરનાર' એક ચેરીટેબલ ટ્રસ્ટ. તેનું ધ્યેય સમાજમાં બને તેટલા માનવજીવન બચાવવાનું છે. એ કાર્ય માટે તમારા રક્તની જરૂર છે. તમે આપેલ દરેક યુનિટ રક્તની યોગ્ય તપાસણી કરી, ખાતરી કરવામાં આવશે કે તેમાં કોઈ વાઈરસ કે કીટાણું નથી. રક્ત માંથી તેનાં ઘટકો છૂટા પાડવામાં આવશે, જેથી તેનો લાભ વધુને વધુ લોકો લઈ શકે. તેનાથી વધુમાં વધુ લોકોનું જીવન બચાવી શકાય. આ ઘટકોને ૪°સે., -૩૫° સે. તેમજ ૨૨° સે. જેવા વિશેષ શીતગૃહોમાં સંગ્રહ કરવામાં આવશે, આ સેવા બદલ યોગ્ય ફી લેવામાં આવશે. જેમાં કાચો માલ, ટેસ્ટીંગ અને ઘટકો તૈયાર કરવામાં થતાં અન્ય ખર્ચ સામેલ હશે. આ ઉપરાંત કુલ ભેગું કરાયેલ યુનિટનો ૫૦% ભાગ મ્યુનિસિપલ દવાખાનાઓમાં જશે. જેને મફતના ધોરણે અથવા ઓછામાં ઓછા ભાવે ગરીબીની રેખા નીચે જીવતા ગરીબ વર્ગને આપવામાં આવશે.

**રક્તદાન કરવાથી મને શો લાભ થશે ?**

જ્યારે તમે રક્તદાન કરો છો, ત્યારે તમે એક ખૂબ અદ્દ્ભુત કાર્ય કરો છો જે બીજાનું સ્વપ્ન હોઈ શકે - "તમે એક જીવન બચાવો છો." જેઓને રક્તની જરૂર છે તેઓને તે મેળવવા તમે સક્ષમબનાવો છો. માનવતા પ્રતિ આ એક અપૂર્વ સેવા છે. રક્તદાન દ્વારા તમે ગર્વ અનુભવો છો. તે સર્વોચ્ચ આત્મસંતોષની લાગણી છે કે જે શબ્દોમાં વર્ણવી શકાય નહિ. તે જાણવા એકવાર તમારે તે અનુભવવું જોઈએ. આગળ ધપી તમે પોતે તેની ખાતરી કરો.

## આજે જ સંપર્ક કરો


પ્રથમા

**પ્રથમા બ્લડ સેન્ટર**

એડવાન્સડ્ ટ્રાન્સફયુઝન મેડીસીન રીસર્ચ ફાઉન્ડેશન

ડૉ. સી. વી. રમન માર્ગ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોનઃ ૬૬૦૦૧૦૧

*અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી બનેલ, નહી નફો નહી નુકસાનના ધોરણે ચાલતું રજીસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ*

*૨૪ કલાક કાર્યરત (રક્તદાન સમયઃ સવારે ૮.૦૦થી સાંજે ૮-૦૦ સુધી)*